સરકાર દ્વારા એકસાથે બે IASને 'પાણીચું'

સરકારે ગૌરવ દહિયા અને કે. રાજેશને ફરજિયાત નિવૃત્ત કરી દીધા

કે. રાજેશ સુરેન્દ્રનગરમાં જમીન-ગન લાઇસન્સ કેસમાં સીબીઆઇ કાર્યવાહીનો સામનો કરી ચૂક્યા

ગાંધીનગરઃ ગુજરાતના વહીવટી તંત્રમાં રાજ્ય સરકારે એક જ દિવસે બે આઈએએસ અધિકારીઓ સામે મોટી કાર્યવાહી કરતાં આઈએએસ અધિકારી ગૌરવ દહિયા અને કે. રાજેશને ફરજિયાત નિવૃત્તિ આપવામાં આવી છે. 1 ઓક્ટોબર, 2026ના રોજ લેવાયેલા આ નિર્ણયથી વહીવટી વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. બંને અધિકારીઓ સામેની પૃષ્ઠભૂમિ અલગ છે, પરંતુ એક જ દિવસે બે આઈએએસ અધિકારીઓને સેવામાંથી ફરજિયાત નિવૃત્તિ આપવાનો નિર્ણય નોંધપાત્ર માનવામાં આવી રહ્યો છે. ગૌરવ દહિયા નિર્ણય સમયે એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યા હતા. અગાઉ તેઓ નેશનલ હેલ્થ મિશન (NHM)માં પણ મહત્વની જવાબદારી સંભાળી ચૂક્યા છે. નેશનલ હેલ્થ મિશનમાં તેમની કામગીરી દરમિયાન વિવિધ ફરિયાદો અને વિવાદો સામે આવ્યા હોવાનું જણાવાયું છે. સરકારના તાજેતરના નિર્ણય બાદ દહિયાની અગાઉની કામગીરી અને તેમની સામે થયેલી ફરિયાદોને લઈને વહીવટી વર્તુળોમાં ફરી ચર્ચા શરૂ થઈ છે. જોકે, ગૌરવ દહિયાને ફરજિયાત નિવૃત્તિ આપવાના ચોક્કસ કારણો અને સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલી સેવા નિયમોની જોગવાઈઓ સત્તાવાર હુકમની સંપૂર્ણ વિગતો પરથી જ સ્પષ્ટ થશે. હાલ ફરિયાદો અને સંબંધિત બાબતોને ધ્યાનમાં રાખીને કાર્યવાહી થઈ છે.

કે. રાજેશ લાંબા સમયથી સસ્પેન્ડ

બીજી તરફ આઈએએસ અધિકારી કે. રાજેશ સામેની કાર્યવાહીનો લાંબો વહીવટી અને તપાસનો ઇતિહાસ રહ્યો છે. તેઓ લાંબા સમયથી સસ્પેન્શન હેઠળ હતા. જમીન અને ગન લાઇસન્સ સંબંધિત પ્રકરણમાં તેમની સામે સીબીઆઇ દ્વારા કેસ નોંધવામાં આવ્યો હતો અને વર્ષ 2022માં તેમની ધરપકડ પણ થઈ હતી. ત્યારબાદ તેઓ લાંબા સમય સુધી સસ્પેન્ડ રહ્યા હતા. હવે રાજ્ય સરકારે કે. રાજેશને પણ ફરજિયાત નિવૃત્તિ આપવાનો નિર્ણય લીધો છે. લાંબા સમયથી સસ્પેન્શન હેઠળ રહેલા અધિકારી સામે લેવાયેલો આ નિર્ણય તેમની સામે ચાલી રહેલી સેવા સંબંધિત કાર્યવાહી માટે મહત્વપૂર્ણ તબક્કો માનવામાં આવી રહ્યો છે. કે. રાજેશ ડાયરેક્ટ-રિક્રૂટ આઈએએસ અધિકારી હોવાથી તેમની સામે લેવાયેલી ફરજિયાત નિવૃત્તિની કાર્યવાહી પણ આઈએએસ કેડરમાં ખાસ ધ્યાન ખેંચી રહી છે. તેમની સામે સીબીઆઇ તપાસ, ધરપકડ અને ત્યારબાદ લાંબા સમય સુધી સસ્પેન્શન જેવી કાર્યવાહી અગાઉથી ચાલી રહી હતી. હવે સરકારના તાજેતરના નિર્ણયથી આ સમગ્ર પ્રકરણ ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે.

જવાબદારીનો મુદ્દો ફરી ચર્ચામાં

બે આઈએએસ અધિકારીઓ સામે એકસાથે થયેલી કાર્યવાહીથી વહીવટી તંત્રમાં અધિકારીઓની જવાબદારી, સર્વિસ કન્ડક્ટ અને શિસ્તભંગના મામલે સરકારના વલણ અંગે ચર્ચા તેજ બની છે. ફરજિયાત નિવૃત્ત કરાયેલા ગૌરવ દહિયા તે સમયે એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર જેવી મહત્વની જવાબદારી પર હતા.

પૂર્વ ડીડીઓ કે.રાજેશ સામે સુરતમાં પણ ભ્રષ્ટાચારના આક્ષેપો થયા હતા

સરકારે જેને ફરજિયાત નિવૃત્તિ આપી દીધી તેવા આઈએએસ અધિકારી કે. રાજેશ અગાઉ સુરતમાં ડીડીઓ તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. કે.રાજેશ સુરત જિલ્લા પંચાયતમાં પૂર્વ ડીડીઓ તરીકે હતા ત્યારે પણ તેમની સામે કોંગ્રેસના દર્શન નાયક દ્વારા ભ્રષ્ટાચારના આરોપ મુકાયા અને તપાસમાં માંગ કરવામાં આવી હતી. કે. રાજેશના સુરત જિલ્લા વિકાસ અધિકારી (DDO) તરીકેના કાર્યકાળ દરમિયાન પણ નાણાકીય વ્યવહાર અંગે પ્રશ્નો ઉઠ્યા હતા. સુરત જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ સાથે જોડાયેલા ફંડમાંથી રૂ.32 લાખ અન્ય હેતુ માટે વાપરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. અને તે સમયે સરકાર, મુખ્યમંત્રી કાર્યાલય, ચીફ સેક્રેટરી તથા તપાસ એજન્સીઓ સમક્ષ રજૂઆતો કરી હતી.

સુરત સહિત દ.ગુ.માં નવરાત્રિના પ્રારંભ સાથે ઠંડીનું પણ આગમન

10 ઓક્ટોબર બાદ સુરતમાં રાત્રિના તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા

સુરતઃ ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં હવામાન વિભાગ દ્વારા ચોમાસાની સત્તાવાર વિદાયની જાહેરાત થઈ ચૂકી છે, જ્યારે દક્ષિણ ગુજરાતમાં હજુ સત્તાવાર રીતે ચોમાસાની વિદાયની જાહેરાત બાકી છે. જોકે, હવામાનમાં હવે ધીમે ધીમે પલટો આવવાના સંકેતો મળી રહ્યા છે અને ઠંડીની શરૂઆત માટે પણ અનુકૂળ સ્થિતિ બનતી જાય છે.

હવામાન વિભાગના સંકેતો મુજબ , 10 ઓક્ટોબર બાદ એટલે કે નવરાત્રિના પ્રારંભ સાથે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ઠંડીનો અનુભવ શરૂ થઈ શકે છે. શરૂઆતના તબક્કામાં ઠંડીનો ચમકારો સવાર અને રાત્રિના સમયે વધુ જોવા મળશે. ઓક્ટોબર મહિનામાં દિવસ અને રાતના તાપમાનમાં તફાવત વધતો જાય છે. રાત્રિના સમયે તાપમાનમાં ઘટાડો થતાં ઠંડકનો અનુભવ થશે, જ્યારે દિવસ દરમિયાન સૂર્યપ્રકાશને કારણે ગરમી યથાવત્ રહેવાની શક્યતા છે. નવરાત્રિ દરમિયાન રાત્રિના ગરબા કાર્યક્રમોમાં પણ વાતાવરણમાં હળવી ઠંડક અનુભવાઈ શકે છે. જોકે શરૂઆતમાં ઠંડીની તીવ્રતા ઓછી રહેવાની શક્યતા છે. શહેરમાં આજે મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 35.4 ડિગ્રી નોંધાયું. લઘુત્તમ તાપમાન 25.4 ડિગ્રી નોંધાયું. હવામાં 67 ટકા ભેજ સાથે 6 કિમીની ઝડપે ઉત્તર પશ્ચિમનો પવન ફુંકાયો હતો.

ઓક્ટોબરના અંતમાં ઠંડીનો ચમકારો વધવાની શક્યતા

હવામાનની સ્થિતિમાં વધુ ફેરફાર થતાં ઓક્ટોબરના અંતિમ સપ્તાહમાં ઠંડીનું પ્રમાણ વધી શકે છે. ખાસ કરીને ઉત્તર ભારત તરફથી ઠંડીની હવા દક્ષિણ તરફ પહોંચે અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સ્થિતિ વધુ મજબૂત બને, તો રાત્રિના તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે. આ સ્થિતિ સર્જાય તો ઓક્ટોબરના અંત સુધીમાં સુરત અને દક્ષિણ ગુજરાતમાં ઠંડીનો તીવ્ર ચમકારો અનુભવાઈ શકે છે. જોકે ઠંડીની તીવ્રતા અને ચોક્કસ સમયગાળો આગામી દિવસોની હવામાન પરિસ્થિતિ પર નિર્ભર રહેશે.

સુરત જિલ્લામાં લોકભાગીદારીના રસ્તાનાં કામો માટે 7.24 કરોડ

સુરત જિલ્લા પંચાયતનો ખેતી, પશુપાલન, સિંચાઈ અને શિક્ષણ માટે મહત્ત્વનો નિર્ણય

શિક્ષણની ત્રણ યોજનામાં ઘટાડો કરાયો, પાંચ ડિજિટલ આંગણવાડી બનાવાશે

સુરતઃ સુરત જિલ્લા પંચાયત દ્વારા વિવિધ વિભાગોની યોજનાઓની મૂળ જોગવાઈની સમીક્ષા કરીને તેમાં જરૂરી વધઘટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગેનું પત્રક આગામી કારોબારી સમિતિની બેઠકમાં જિલ્લા કારોબારી અધ્યક્ષ બ્રિજેશ પટેલ દ્વારા રજૂ કરવામાં આવશે. સૌથી વધુ મહત્વનો વધારો સિંચાઈ વિભાગની લોકભાગીદારીથી રસ્તા નહીં પરંતુ સિંચાઈ માટેના નવા બોરની યોજનામાં કરવામાં આવ્યો છે. મૂળ રૂ.1 કરોડની જોગવાઈમાં રૂ.70 લાખનો વધારો કરીને રૂ.1.70 કરોડ કરવામાં આવ્યા છે. તેવી જ રીતે લોકભાગીદારીથી સિંચાઈ માટે પીવીસી પાઈપલાઈન નાખવાની યોજનાની મૂળ રૂ.1 કરોડની જોગવાઈમાં રૂ.75 લાખનો વધારો કરીને રૂ.1.75 કરોડ કરવામાં આવ્યા છે. બાંધકામ વિભાગમાં પ્રવાસન ધામમાં વિકાસનાં કામો માટેની મૂળ રૂ.60 લાખની જોગવાઈમાં રૂ.40 લાખનો વધારો કરીને રૂ.1 કરોડ કરવામાં આવ્યા છે. જ્યારે જિલ્લા લોકભાગીદારીથી રસ્તા સુધારણાના 80:20ના કામો માટે મૂળ રૂ.4 કરોડમાંથી રૂ.3.24 કરોડનો વધારો કરીને રૂ.7.24 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સમાજ કલ્યાણ વિભાગમાં આર્થિક રીતે નબળા વર્ગના લાભાર્થીઓને સ્વરોજગાર માટે ખરીદેલ સાધન પર સહાય આપવાની યોજનાની મૂળ રૂ.50 લાખની જોગવાઈમાં રૂ.20 લાખનો વધારો કરીને રૂ.70 લાખ કરવામાં આવ્યા છે. બીજી તરફ આશ્રમશાળા/ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં સુવિધા પૂરી પાડવાની યોજનામાં મૂળ રૂ.50 લાખમાંથી રૂ.25 લાખ ઘટાડીને રૂ.25 લાખની જોગવાઈ રાખવામાં આવી છે.

પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં 11 ઓગસ્ટથી વિરોધ

સિટીસરવે કર્મીની હડતાળથી જમીન-મિલકત સંબંધિત કામગીરી અટકી

એક્સપ્રેસ હાઈવે, ડીએફસીસી, નેશનલ હાઈવે અને બુલેટ ટ્રેન સહિતની સંપાદન કામગીરીથી માંડી માપણી-રી સરવેનાં કામો અટક્યાં

સુરતઃ લેન્ડ રેકર્ડ અને સિટી સરવે વિભાગના કર્મચારીઓ દ્વારા પડતર પ્રશ્નોના ઉકેલની માંગ સાથે 11 ઓગસ્ટથી શરૂ કરાયેલ વિરોધ હવે રાજ્યવ્યાપી હડતાળના સ્વરૂપમાં આગળ વધી રહ્યો છે. હડતાળના કારણે જમીન માપણી, મિલકત સંબંધિત કામગીરી તેમજ વિવિધ સરકારી પ્રોજેક્ટની કામગીરીને અસર થવા લાગી છે. હડતાળને કારણે માત્ર સામાન્ય લોકોની માપણી કે મિલકત સંબંધિત અરજીઓ જ નહીં, પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકારના મહત્વના પ્રોજેક્ટની કામગીરીને પણ અસર થવાની સ્થિતિ ઊભી થઈ છે. ખાસ કરીને જમીન સંપાદન સાથે સંકળાયેલી કામગીરીમાં લેન્ડ રેકર્ડ અને સિટી સરવે કર્મચારીઓની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોવાથી કામગીરી અટકતાં પ્રોજેક્ટ સંબંધિત પ્રક્રિયાઓ પર પણ અસર પડી રહી છે. વિવિધ પ્રકારની માપણી અરજીઓ, રી-સરવે દરમિયાન આવેલા વાંધાઓના નિકાલ તેમજ સરકારી જગ્યાની ફાળવણી માટેની માપણીની કામગીરી પણ અટકી છે.

સાંસદ-ધારાસભ્યોના પ્રશ્નોની કામગીરી અટકી

એમપી-એમએલએ દ્વારા રજૂ કરવામાં આવતા મહત્ત્વના પ્રશ્નો સંબંધિત જમીન અને માપણીની કામગીરી ઉપરાંત જિલ્લા સંકલન બેઠક, તાલુકા સંકલન બેઠક અને સેવા સેતુમાં રજૂ થતા પ્રશ્નોના નિકાલની કામગીરી પણ પ્રભાવિત થઈ છે. પરિણામે વિવિધ સ્તરે રજૂ થયેલા પ્રશ્નોના ઝડપી નિકાલમાં વિલંબ થઈ રહ્યો છે.

સિટી સરવેની અનેક કામગીરી અટકી

સિટી સરવેવિભાગમાં પણ હડતાળની સીધી અસર જોવા મળી રહી છે. પ્રોપર્ટી કાર્ડ બનાવવાની કામગીરી, હકચોકસી, મિલકતની માપણી, ફેરફાર નોંધો સહિતની કામગીરી અટકી પડતાં મિલકતધારકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

174ના જીવ બચાવનાર ગુજરાતી પાયલોટને 'ગુજરાતગરિમાએવોર્ડ'

જીવલેણ હુમલા વચ્ચે અદમ્ય સાહસ દાખવનાર કેપ્ટનને રૂ.25 લાખનો રોકડ પુરસ્કાર પણ અપાશે; સીએમ ભૂપેન્દ્ર પટેલની જાહેરાત

ગાંધીનગરઃ દુબઈથી ઈઝરાયલ જઈ રહેલી ફ્લાયદુબાઈની ફ્લાઈટમાં કોકપિટમાં થયેલા જીવલેણ હુમલા વચ્ચે અદમ્ય સાહસ દાખવી 174 મુસાફરોના જીવ બચાવનાર ગુજરાતી મૂળના પાયલોટ કેપ્ટન સ્મિત મચ્છરને ગુજરાત સરકાર 'વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડ'થી સન્માનિત કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પોસ્ટ મારફતે આ જાહેરાત કરી છે. રાજ્ય સરકાર દ્વારા એવોર્ડ સાથે કેપ્ટન સ્મિત મચ્છરને રૂ.25 લાખનું રોકડ પુરસ્કાર પણ આપવામાં આવશે. દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબાઈની ફ્લાઈટ FZ1073માં ઉડાન દરમિયાન કોકપિટમાં ગંભીર ઘટના બની હતી. આપેલી માહિતી મુજબ, સહ-પાયલોટે કોકપિટમાં કેપ્ટન સ્મિત મચ્છર પર છરીથી હુમલો કર્યો હતો અને વિમાનને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત અને લોહીલુહાણ થયા હોવા છતાં કેપ્ટન સ્મિતે હિંમત ગુમાવી નહોતી.

અનુસંધાન ... પાના છેલ્લાનું

વિન્ટરમાં સુરત...

ઈન્ટરનેશનલ ફ્લાઈટ સંખ્યા વધારવા બે વાર કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુને મળ્યું હતું. પણ આ મુલાકાત અને રજૂઆતની અવળી અસર થઈ છે. સુરત એરપોર્ટથી 60% એર ઓપરેશન ચલાવનાર ઈન્ડિગો એ એક સાથે 4 ફ્લાઈટ બંધ કરવાનો નિર્ણય લઈ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી અને મોદી સરકારના કેબિનેટ મંત્રી સાંસદોનું પોતાની સરકારમાં કેટલુ ઊપજે છે એ દેખાડી આપ્યું છે.ઇન્ડિગો એ નફ્ફટાઈ પૂર્વક સ્પષ્ટ કર્યું છે કે, સ્ટ્રેચ પ્રોડક્ટ સાથે બેંગલુરુ - દુબઈ અને ચેન્નાઈ - દુબઈને દૈનિક A321N ફ્લાઈટમાં અપગ્રેડ કરવા માટે આ સીટોનો ઉપયોગ કરવામાં આવશે. એટલે કે, સુરત દુબઈની ફ્લાઈટ બંધ કરી એનો ઉપયોગ બેંગલુરુ-દુબઈ અને ચેન્નાઈ-દુબઈ રૂટ પર દૈનિક "Stretch" ફ્લાઈટ વધારવા માટે કરાશે. 25 ઓક્ટોબરથી લાગુ થનારા વિન્ટર શેડ્યૂલ માટે આ રૂટ પર બુકિંગ બંધ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. પરિણામે 27 ઓક્ટોબરથી સુરતથી દુબઈ જવા માટે મુસાફરો પાસે સીધી ફ્લાઇટના વિકલ્પો વધુ મર્યાદિત બની શકે છે.

આજે કેન્દ્રીય...

અને વલસાડ-સુરત નવી ડેઈલી મેમુ ટ્રેન શરૂ કરવામાં આવી રહી છે. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ 2 ઓક્ટોબરે સુરત સ્ટેશનથી વંદે ભારત એક્સપ્રેસને અને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વલસાડ-સુરત મેમુ ટ્રેનને લીલી ઝંડી બતાવશે.

આખરી ફોન...

હતો. ત્યારબાદ ૨૪ સપ્ટેમ્બરની સાંજે પરિવારને મમતાના મોત સમાચાર મળ્યા હતા. ૨૫મીએ સુરત દોડી આવેલા પિતા જ્યારે સ્મિમેર હોસ્પિટલના પી.એમ. રૂમમાં પહોંચ્યા ત્યારે દીકરીની લોહીલુહાણ હાલતમાં પડેલી કાયા જોઈ ભાંગી પડ્યા હતા. મમતાના ગળા પર ધારદાર હથિયારનો ઊંડો ઘા અને કાંડા પર ઈજાના નિશાન હતા.

માર્ચમાં બંધ...

ફરી આ રૂટ પર સેવા શરૂ કરી હતી. સેવા પુનઃ શરૂ થતાં સુરતના મુસાફરો અને ખાસ કરીને દુબઈ સાથે સીધા વેપારી તથા પારિવારિક સંપર્ક ધરાવતા વર્ગને રાહત મળી હતી.હવે વિન્ટર શેડ્યૂલમાં ફરી આ સપ્તાહમાં ત્રણ દિવસની ફ્લાઇટને દૂર કરવાની તૈયારીથી સુરતની આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી અંગે ફરી સવાલો ઊભા થયા છે.

પતિનો બનાવટી...

તેવો ગોળગોળ જવાબ આપ્યો હતો. પિતાનો આક્ષેપ છે કે પતિ સોહનના અસહ્ય શારીરિક-માનસિક ત્રાસના કારણે જ મમતાએ કંટાળીને આત્મઘાતી કદમ ઉઠાવ્યું છે.ડીંડોલી પોલીસે પિતા શ્રવણરામની સત્તાવાર ફરિયાદના આધારે આરોપી પતિ સોહન ચૌધરી સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એર ઈન્ડિયા...

સુરત ફ્લાઇટ ડેઇલી કરી દેશે. સુરત જેવા દેશના મહત્વના હીરા અને મેન-મેડ ટેક્સટાઈલ હબ માટે દુબઈ માત્ર પ્રવાસનનું સ્થળ નથી, પરંતુ વેપાર, આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી અને ગલ્ફ દેશો સાથેના વ્યવસાય માટે મહત્વનું એવિએશન ગેટવે છે. હીરા ઉદ્યોગના વેપારીઓ, ટેક્સટાઈલ વેપારીઓ, આયાત-નિકાસ સાથે સંકળાયેલા લોકો તથા ગલ્ફમાં વસતા સુરતીઓ માટે સીધી દુબઈ ફ્લાઇટની માંગ સતત રહે છે.

ક્મ્પોઝિટ GSTનો...

શકતો નથી. આ ઉપરાંત ટર્નઓવર છુપાવીને સ્કીમમાં ટકી રહેવાનો પણ આક્ષેપ છે. દરોડા દરમિયાન ડીજીજીઆઈની ટીમોએ સ્ટેશન, પુણા કુંભારિયા, લાજપોર, મોટા વરાછા, પાસોદરા, પુણા ગામ, કતારગામ, આઉટર રિંગરોડ સહિતની અનેક હોટલો પર તપાસ હાથ ધરી છે.

સ્ટેશનની જાણીતી હોટલ અને ઢોસાનું વેચાણ કરતી હોટલો પર સકંજો કસવામાં આવ્યો છે. હોટલોના બિલિંગ સોફ્ટવેર, વેચાણના રિપોર્ટ્સ, ખરીદીના બિલો, બેંક સ્ટેટમેન્ટ અને જીએસટી રિટર્નની ઝીણવટભરી તપાસ અધિકારીઓએ હાથ ધરી હતી. શંકાસ્પદ વ્યવહારોને લગતા અનેક દસ્તાવેજો અને ડિજિટલ ડેટા જપ્ત કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસમાં કરોડો રૂપિયાની ટેક્સ ચોરી થઈ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. હાલ જપ્ત કરેલા દસ્તાવેજોની ચકાસણી ચાલી રહી છે અને જરૂર જણાશે તો હોટલ સંચાલકોના નિવેદનો પણ નોંધવામાં આવશે. તપાસ પૂર્ણ થયા બાદ દંડ અને વ્યાજ સાથે ટેક્સ વસૂલાતની કાર્યવાહી કરવામાં આવશે તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પિતાને વિડીયો...

દીકરીનો માળો વિખેરાયો ન હોત. વાસ્તુપૂજનથી જે ઘર ખુશીઓથી મહેકવું જોઈતું હતું, તે જ ઘરમાં પતિના સતત શારીરિક-માનસિક સિતમથી કંટાળીને પરિણીતાએ પોતાનું જ ગળું વાઢી આત્મહત્યા કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ છે.ડીંડોલી પોલીસે પાષાણહૃદય પતિ સામે પરિણીતાને આત્મહત્યા માટે મજબૂર કરવાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. રાજસ્થાનના નાગૌર જિલ્લાના બગ્ગડ ગામના રહેવાસી ૫૪ વર્ષીય શ્રવણરામ ચૌધરીએ પોતાની મોટી દીકરી મમતાના લગ્ન વર્ષ ૨૦૦૮માં સોહન ભવરારામ ચૌધરી સાથે કર્યા હતા. મમતાને ૧૫ વર્ષનો દીકરો હિમાંશુ અને ૧૨ વર્ષની દીકરી દિવ્યા સંતાનમાં છે, જે વતનમાં અભ્યાસ કરે છે. વર્ષ ૨૦૧૭માં દંપતી સુરત આવ્યું હતું. જૂન ૨૦૨૬માં ડીંડોલીની અમૃતનિકેતન સોસાયટીમાં મકાન ખરીદી વાસ્તુપૂજન રાખ્યું ત્યારે પિતા સુરત આવ્યા હતા. એ જ વખતે મમતાએ એકાંતમાં પિતાને ભેટીને રડતાં રડતાં કહ્યું હતું કે પતિ સોહન નજીવી બાબતોમાં મારીઝૂડ કરી ત્રાસ આપે છે. ત્યારે પિતાએ "નવા ઘરમાં બધું સારું થઈ જશે" તેમ કહી દીકરીને આશ્વાસન આપ્યું હતું. પણ પતિનો રાક્ષસી ત્રાસ ઘટવાને બદલે વધતો ગયો હતો.

સુરત-ઉદયપુર...

ઓક્ટોબરથી શરૂ થઈરહેલી સુરત-ઉદયપુર વંદે ભારત ટ્રેનને સુરતીઓ તરફથી મળી રહેલો અભૂતપૂર્વ પ્રતિસાદ આ વાતની સાબિતી આપે છે. આ ટ્રેનનું બુકિંગ શરૂ થઈ ગયું છે. રેલવે સૂત્રો મુજબ ચેરકારનું ભાડું રૂ. 1515 અને એક્ઝિક્યુટિવ ચેરકારનું ભાડું રૂ. 2720 રાખવામાં આવ્યું છે. બુકિંગ શરૂ થતાની સાથે જ બુકિંગ ફુલ થઈ ગયું છે અને હવે વેઈટિંગ શરૂ થયું છે. મુસાફરોએ મોંઘી ટિકિટોની પરવા કર્યા વગર એક્ઝિક્યુટિવ ચેરકારની રૂ. 2720 જેવી ઊંચી કિંમતની ટિકિટો ખરીદવા માટે ભારે પડાપડી કરી છે, જેના કારણે ટ્રેન શરૂ થવાની સાથે જ ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

આગામી 4 ઓક્ટોબરે આ ટ્રેનની પહેલી જ સફર માટે એક્ઝિક્યુટિવ ચેરકારમાં અત્યારથી જ 8 નું વેઈટિંગ થઈ ગયું છે. આ ઉપરાંત, દિવાળી અને ભાઈબીજ જેવા મહત્ત્વના તહેવારોમાં પણ વંદે ભારત ટ્રેનમાં ભારે વેઈટિંગ લિસ્ટ જોવા મળી રહ્યું છે. દિવાળીના દિવસે એટલે કે તા. 9 નવેમ્બરે ચેરકારમાં 7 અને એક્ઝિક્યુટિવ ચેરકારમાં 5નું વેઈટિંગ બોલી રહ્યું છે. જ્યારે ભાઈબીજના દિવસે તો ઉત્સાહનો નવો રેકોર્ડ સર્જાયો છે. તા. 11 નવેમ્બરે ભાઈબીજના પાવન અવસરે પરિવાર સાથે જવા માટે મુસાફરોની ભારે ભીડ જામી છે, જેના કારણે ચેરકારમાં 41 અને એક્ઝિક્યુટિવ ચેરકારમાં 26નું લાંબું વેઈટિંગ પહોંચી ગયું છે. આ આંકડાઓ સ્પષ્ટ દર્શાવે છે કે સુરતીઓ મુસાફરીમાં આરામ અને સમયની સાથે તહેવારોની ઉજવણી માટે કોઈ જ સમજૂતી કરવા તૈયાર નથી.

સપ્તાહમાં છ દિવસ દોડશે વંદેભારત

ટ્રેન નંબર 26903/26904 સુરત-ઉદયપુર-સુરત વંદે ભારત એક્સપ્રેસ અઠવાડિયામાં છ દિવસ, મંગળવાર સિવાય દોડશે. ઉદ્ઘાટન સ્પેશિયલ ટ્રેન 2 ઓક્ટોબરે સવારે 10 વાગ્યે સુરતથી ઉપડી સાંજે 5.40 વાગ્યે ઉદયપુર પહોંચશે. નિયમિત સેવા 4 ઓક્ટોબરથી સુરતથી સવારે 6.10 વાગ્યે ઉપડી બપોરે 1.40 વાગ્યે ઉદયપુર પહોંચશે. પરત ફરતી ટ્રેન ઉદયપુરથી બપોરે 3.35 વાગ્યે ઉપડી રાત્રે 11 વાગ્યે સુરત પહોંચશે. આ ટ્રેન ભરૂચ, વડોદરા, આણંદ, મણિનગર, અસારવા, હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર અને જાવર સ્ટેશને ઉભી રહેશે. આઠ કોચની આ આધુનિક ટ્રેન પ્રવાસન અને વેપારને વેગ આપશે.

વલસાડ-સુરત ડેઈલી મેમુ 3 ઓક્ટોબરથી નિયમિત દોડશે

બીજી તરફ, વલસાડ-સુરત ડેઈલી મેમુ ટ્રેન નંબર 69149નું ઉદ્ઘાટન 2 ઓક્ટોબરે થશે અને 3 ઓક્ટોબરથી નિયમિત સેવા બપોરે 1.20 વાગ્યે વલસાડથી ઉપડી સાંજે 4.40 વાગ્યે સુરત પહોંચશે. આ ટ્રેન દક્ષિણ ગુજરાતના દૈનિક મુસાફરો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

જંગલની 1500...

કબજાને સાબિત કરતા માન્ય દસ્તાવેજો અને પુરાવા હશે, તેમની રજૂઆત નિયમ મુજબ તપાસવામાં આવશે. મહત્વનું છે કે આ વિસ્તારમાં વર્ષ 2013 દરમિયાન મોટા પ્રમાણમાં જંગલનું નિકંદન કરવામાં આવ્યું ત્યારે વન વિભાગ દ્વારા અનેક લોકો સામે ફોરેસ્ટ ઓફેન્સ રિપોર્ટ (FOR) પણ દાખલ કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી અને ત્યારબાદની વન અધિકાર કાયદા હેઠળની પ્રક્રિયા વચ્ચેનો સમયગાળો પણ હવે ફરી ચકાસણીમાં મહત્વનો બની શકે છે.

રજૂ થયેલા દાવા મુજબ કાર્યવાહી થશે

સુરત જિલ્લા નાયબ વનસંરક્ષક ધીરજકુમારના જણાવ્યા મુજબ, રાજ્ય સરકારે નિર્ણય લીધો છે કે FRA એક્ટ-2006 હેઠળ વર્ષ 2005 પહેલાંથી જમીન પર ખેડાણ કરતા હોવાના પૂરતા પુરાવા સાથે જે લોકો દાવા રજૂ કરશે, તેમના કેસની નિયમ મુજબ કાર્યવાહી કરી યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

મતદાર યાદીમાં નામ ઉમેરવા ચાર રવિવારે ખાસ કેમ્પ થશે

18-19 વર્ષના નવા મતદારો અને બાકી રહી ગયેલા પાત્ર નાગરિકો માટે તક

11 ઓક્ટોબરથી 1 નવેમ્બર સુધી રાજ્યનાં મતદાન મથકો પર સવારે 10થી સાંજે 5 સુધી કામગીરી

ગાંધીનગરઃ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની કામગીરી પૂર્ણ થયા બાદ ગુજરાતમાં મતદારયાદીને વધુ અદ્યતન અને સર્વસમાવેશી બનાવવા માટે બાકી રહી ગયેલા પાત્ર નાગરિકો અને 18-19 વર્ષના નવા મતદારોની નોંધણી માટે રાજ્યવ્યાપી ખાસ ઝુંબેશ યોજાશે. સતત સુધારણા પ્રક્રિયા હેઠળ ઓક્ટોબર અને નવેમ્બર દરમિયાન ચાર રવિવારે રાજ્યના તમામ મતદાન મથકો પર વિશેષ કેમ્પ યોજાશે. કેન્દ્રિય ચૂંટણી પંચની સૂચના અનુસાર યોજાનારી આ ઝુંબેશના ભાગરૂપે 11 ઓક્ટોબર, 18 ઓક્ટોબર, 25 ઓક્ટોબર અને 1 નવેમ્બર, 2026ના રોજ વિશેષ કેમ્પ રાખવામાં આવશે. આ ચારેય દિવસ સવારે 10થી સાંજે 5 વાગ્યા સુધી ડેઝિગ્નેટેડ ઓફિસર અને બૂથ લેવલ ઓફિસર (BLO) મતદાન મથકો પર ઉપસ્થિત રહી મતદારયાદીમાં નામ નોંધણી માટેની અરજીઓ સ્વીકારશે.

અનુસંધાન ... પાના ત્રીજાનું

GSTની વસૂલાત ૧૫...

વધારો થયો છે. આસામ, મણિપુર, અરુણાચલ પ્રદેશ અને નાગાલેન્ડે પણ નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવી છે, જે સમગ્ર દેશમાં સર્વાંગી વિકાસ દર્શાવે છે. જીએસટી ૨.૦ હેઠળ દરોનું સરળીકરણ ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું, પરંતુ તે ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી અમલમાં આવ્યું હતું. આના પરિણામે ગ્રાહકોએ દર ઘટાડા અને ભાવ ઘટાડાનો અમલ ન થાય ત્યાં સુધી ખરીદી મુલતવી રાખી હતી. જીએસટી કાઉન્સિલ હવે આગામી સ્તરના સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

મતદાર યાદી...

કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતા જસ્ટિસ વાલ્મિકી મેનેઝીસ અને જસ્ટિસ અમિત એસ જામસંડેકરની હાઈકોર્ટની ગોવા બેંચે જણાવ્યું હતું કે ચૂંટણી પંચની આ કાર્યવાહી તેની ફરજને અનુરૂપ ન હતી. પરેશ સાળગાંવકર અને તેમના પરિવારે દાખલ કરેલી અરજી અનુસાર, તેઓ સાંતા ક્રુઝ વિધાનસભા મતવિસ્તારમાં જ એક નવા ઘરમાં રહેવા ગયા હતા અને બૂથ લેવલ ઓફિસર(BLO) દ્વારા તેમને સરનામું બદલવા માટે ફોર્મ ૮ જમા કરાવવાની સૂચના આપવામાં આવી હતી.

પ્રોસેસિંગ વખતે, તેમના ઈલેક્ટર્સ ફોટો આઈડેન્ટિટી કાર્ડ(EPIC)નો કોઈ રેકોર્ડ ન મળી આવતા ક્ષતિઓ સામે આવી હતી, જેના કારણે તેમનું ફોર્મ ૮ રદ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેઓએ હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. ચૂંટણી પંચના વકીલ ગૌરીશ અગ્નિએ સવાલ ઉઠાવ્યો હતો કે અરજદારોએ અગાઉ અધિકારીઓને પોતાના સ્થાનાંતરણ અંગે જાણ કેમ ન કરી, જેના પર બેંચે ટિપ્પણી કરી, "અરજદાર પણ પૂછશે કે ૨૪ વર્ષ પછી આ SIR કેમ, કારણ કે તે ભારતનો નાગરિક છે, વચ્ચે કેમ નહીં, કારણ કે ત્યારે સંખ્યા નિયંત્રિત કરી શકાઈ હોત." અદાલતે કહ્યું કે "આ પરસ્પર દોષારોપણ માટે નથી," જજ સાહેબોએ નોંધ્યું હતું કે સત્તાવાળાઓ પાસે જન્મ અને મૃત્યુના રેકોર્ડની પહોંચ હોય છે અને તેથી તેઓએ અરજીઓને સીધી રદ કરવાને બદલે વ્યક્તિ ૧૮ વર્ષનો થાય કે તરત જ તેની નોંધણી કરીને યાદીઓ આપમેળે અપડેટ કરવી જોઈએ.

9મા ધોરણથી...

માટે પ્રથમ વખત, વિદ્યાર્થીઓ હવે રાષ્ટ્રના વિકાસ માટે ભંડોળ પૂરું પાડતી નાગરિક ભાવનાઃ કર 'પ્રમાણિકપણે અને સમયસર' ચૂકવવો એ દરેક નાગરિકની મહત્ત્વપૂર્ણ જવાબદારી છે, તેની સાથે નવી વ્યવસ્થા હેઠળ વાસ્તવિક સ્લેબ મુજબની કર ગણતરી શીખી શકશે.

'મેનેજિંગ યોર પર્સનલ ફાઈનાન્સિસ' પ્રકરણમાં જણાવવામાં આવ્યું છે કે નાણાંનું સંચાલન કરવાની યાત્રા બાળપણથી જ શરૂ થાય છે.

પાઠ્યપુસ્તકમાં જણાવ્યા અનુસાર, ''સમજદારીપૂર્વક નાણાંનું સંચાલન કરવું એટલે માત્ર વધુ કમાણી કરવી જ નહીં, પરંતુ તે દરેક તબક્કે સાવચેતીપૂર્વક નાણાકીય નિર્ણયો લેવા વિશે છે, પછી ભલે તેમાં ખર્ચ કરવો, બચત કરવી, રોકાણ કરવું, જોખમો સામે રક્ષણ કરવું, જવાબદારીપૂર્વક ઉધાર લેવું કે કર ચૂકવવાનો સમાવેશ થાય છે.

વ્યક્તિઓ આજે જે નિર્ણયો લે છે તે તેમના નાણાકીય ભવિષ્યને આકાર આપે છે અને નાણાકીય તકો અને પડકારોનું સંચાલન કરતી વખતે નાણાકીય સ્થિરતા પ્રાપ્ત કરવાની તેમની ક્ષમતા નક્કી કરે છે.''

મુખ્ય ચૂંટણી...

નહીં. જ્ઞાનેશ કુમારે રાજીનામું આપવું જોઈએ અને તેમની સામે ફોજદારી આરોપો લાગવા જોઈએ," એમ દીપ્કેએ કહ્યું હતું.

મુંબઈ પોલીસે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હોવા અંગે પૂછવામાં આવતાં, દીપ્કેએ સવાલ કર્યો હતો કે જો મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ શિવાજી પાર્કમાં રાજકીય રેલી યોજી શકતા હોય, તો CJP ત્યાં વિરોધ પ્રદર્શન કેમ ન કરી શકે. "ગોવા, બેંગલુરુ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, પટના અને રાંચીમાં વિરોધ પ્રદર્શનો યોજાશે.

જો કુમાર રાજીનામું નહીં આપે તો ઓક્ટોબરના અંતથી દિલ્હીના જંતર મંતર ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે," એમ સીજેપી નેતા અજિંક્ય શિંદેએ જણાવ્યું હતું. અભિજીત દીપ્કેએ અને સૌરવ દાસ સહિત CJPના અન્ય નેતાઓએ ગુરુવાર, 1 ઓક્ટોબરના રોજ મુંબઈમાં એક પત્રકાર પરિષદ યોજીને જ્ઞાનેશ કુમાર સામે ફોજદારી કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદારો અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ કરેલ વધારા નું વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જડ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૬૮૭૧૩૩૦૫	હોમ લોન	૧. પવનભાઈ સુગ્રીવભાઈ કહાર ૨. કંચનબેન પવનભાઈ કહાર	૧૯.૦૯.૨૦૨૬	રૂા.૮,૬૪,૪૬૩.૪૭/–

મિલકત સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'વિ.કે. એવન્યુ ' નો પ્લોટ નં.૨૯૮ માપ ૩.૯૬ મીટર એટલે કે ૧૩ ફુટ અને ૧૧.૯૬ મીટર એટલે કે ૩૯.૨૩ ફુટ ૭/૧૨ મુજબ માપ ૪૭.૩૬ ચો.મીટર,સી.પી નં.૧, પ્લોટ નં ૩૬૨ માપ ૪.૮૨૩૯ ચો. મીટર અને સી.પી નં. ૨ પ્લોટ નં.૩૬૩ માપ ૨.૮૫૩૦ ચો.મી અને સીપી નં. ૩ પ્લોટ નં ૩૬૪ માપ ૧.૮૮૩૨ ચો.મી અને પ્લોટ નં. ૩૬૫, ૨૮.૭૦૦૦ ચો.મી સહિતના વણવહેચાયેલ હિસ્સા સહિત બ્લોક નં. ૨૨૨ મોજે ગામ કારેલી, તાલુકા, પલસાણા જિલ્લા, સુરત. ગુજરાત–૩૯૪૩૧૦ ખાતે આવેલ છે. જેની ચતુંદિશાઃ **પુર્વ તરફ :** પ્લોટ નં ૨૯૯, **પશ્ચિમ તરફ :** પ્લોટ નં ૨૯૭, **ઉત્તર તરફ :** બ્લોક નં. ૨૨૩, **દક્ષિણ તરફ :** ૧૦.૫૦ મીટર રોડ આવેલ છે.

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૨.૧૦.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત